

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખૂલ્લો છે ખૂદાનો દરબાર, કોઈ પહેરો નથી!*
*છે અણુ-અણુમાં વ્યાપ એનો કોઈ ચહેરો નથી!*
*સહેરો નથી દર્શન આવે કોઈ ક્રિયાકાંડનો*
*સૂણે કીડી-ઝાંઝર - ઝંકાર ખૂદા બહેરો નથી!*
*(લાઉડ સ્પીકર વિવાદ)*

### હાઈકુ

*કેળવો ધૈર્ય,*
*ધર્મ-સમભાવમાં -*
*સહન-શક્તિ*

*સમજ વિના*
*કરે ભક્તો વિરોધ,*
*ધાર્મિક - ઈર્ષા*

### ચિંતન

*બડેં ભાગ માનુષ તનુ પાવા, સુર દુર્લભ સબ ગ્રંથન્હિ ગાવા ।*
*સાધન ધામ મોચ્છ કર દ્વારા, પાઈ ન જેહિં પરલોક સંવારા ॥*

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવામાં આવેલ છે.

મહાન પુણ્યના પ્રતાપે કરીન આ માનવ શરીર મળ્યું, સર્વ શાસ્ત્રગ્રંથોએ કહ્યું છે કે તે દેવોને પણ પ્રાપ્ત થવું દુર્લભ છે. એ મોક્ષ પ્રાપ્તિનું સાધન અને હાર છે. માનવ શરીર મેળવી જેને પરલોક ન સાધ્યો, (તે મહાન દુ:ખ પામે છે.)

હજારો યોનિઓમાં કર્મફળ ભોગવતાં અને સત્કર્મોનું ભાથું બાંધતાં બાંધતા પછી કેટલાય 'યુગો' પછી જીવ-આત્માને મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે. આ યોનિમાં માણસ વિચારપૂર્વક સત્કર્મો કરી શકે - સાચાં - ખોટાંનો વિવેક પારખી શકે.

આમ છતાં માણસ પાપને રસ્તે દુષ્કૃત્યો કરી 'આત્મહત્યા' કરી પાછો છાણનો કીડો બની ફરી 'એકડેએક'થી શરુ કરે છે.

### સુવિચાર

- આપઘાત તમારી સમસ્યાનું સમાધાન નથી કરતો,
  એ તો તેનાથી પણ ખરાબ અનંત અગણિત સમસ્યાઓનું સર્જન કરે છે - **જનકલ્યાણ**
- દુર્જનોની બુદ્ધિ દુષ્ટ કાર્યોમાં કુશળ હોય છે - **મહાભારત**
- આપણું ધાર્યું નહિ પણ ઈશ્વરનું સુધાર્યું થાય - **સુરેશ દલાલ**
- જૈસે તિલ મેં તેલ હૈ, જયોં ચકમકમેં આગ, તેરા સાંઈ તુજમેં હૈં, જાગ સકે તો જાગ - **કબીર**
- કુદરત કયારેક અંધકારમાં ભૂસકા મારતી નથી - **શ્રીલંકન કહેવત**
- ધન ભેગું કરવા કષ્ટ પડે છે,
  એ ખર્ચતા જીવ બળે છે અને સંઘરી રાખતાં ઉંઘ ઉડી જાય છે - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ - દાઝેલા પર પાકા કેળા મસળી, ચોંટાડી પાટો બાંધી દેવાથી તરત બળતરા મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

થોડા સમય પહેલાં એક આતંકીના 'મુસ્લિમ પિતા' એ સ્વદેશ પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપ્યું - અહીં જાપાનીસ માતાનું પણ એવું જ દૃષ્ટાંત છે :

જાપાનના લોકો એમના સ્વદેશપ્રેમ અને સાચી રાષ્ટ્રભક્તિ માટે આખા વિશ્વમાં પ્રખ્યાત છે. એક જાપાની માતાનો ૨૨ વર્ષનો એકનો એક પુત્ર હતો, પુત્ર સૈનિક બની દેશની સેવા કરવાનો સ્વપ્નો સેવતો હતો. પણ માતા વિધવા હોવાથી એ લશ્કરમાં ભરતી થતાં અચકાતો હતો. માતાને આ વાતની જાણ થઈ અને એમને ખૂબ દુ:ખ થયું. એક દિવસ આ માતાએ આત્મહત્યા કરી લીધી. મૃત્યુ પહેલા તેણે પોતાના પુત્રને એક પક્ષ લખ્યો. એમાં જણાવ્યું કે 'બેટા, તું મારા સ્વદેશ પ્રેમને તથા મારા પ્રત્યેના સમર્પણને સારી રીતે જાણું છું, મારી માયા ને મારા પ્રત્યેના કર્તવ્ય ભાન ને લીધે તું સૈનિક બની માતૃભૂમિની સેવા કરી શકતો નથી એ હું જોઈ રહી છું. પણ મારે તારા માર્ગનો કાંટો બનવું નથી, હું તારી માં સાચી પણ કેટલી નાની!! તારી સાચી મા તો તારી માતૃભૂમિ જેના લૂણ વડે તું આજ લગી ઘડાયો અને પોષાયો. નિશ્ચિંત બનીને તું માતૃભૂમિની સેવામાં લાગી જાય એ કારણે જ સ્વેચ્છા એ મેં મૃત્યુને સહર્ષ સ્વીકાર્યું છે...'

# પુસ્તકનો કોઈ જ વિકલ્પ નથી

**તંત્રીસ્થાનેથી...**

વિશ્વ પુસ્તક દિન ઊજવણી વખતે જાણે પુસ્તકની પુણ્યતિથિ ઊજવતા હોઈએ એવો વિષાદ કેમ પ્રવર્તે છે? પુસ્તક કયારેય મરવાનું નથી, એવી વાતો તો આપણે રોજ કરતાં રહીએ છીએ. લેખકો અને ચિંતકો પણ એમનાં ભાષણો કે લખાણોમાં પુસ્તકની અનિવાર્યતા અને અપરિહાર્યતા વિશે ચર્ચા કરતા રહે છે. પરંતુ પરિસ્થિતિની સચ્ચાઈ - ગ્રાઉન્ડ રિયાલિટી શું બોલે છે? આપણી પૂર્વ પેઢી માટે પુસ્તક જેટલું મહત્ત્વ એ આજની તારીખે ધરાવે છે ખરું? કોઈ આપણને પૂછે કે છેલ્લું પુસ્તક કયારે વાંચ્યું તો શું એનો ઈમાનદારીપૂર્વક સાચો જવાબ આપણે આપી શકીએ છીએ? આપણે વાંચીએ તો છીએ, પણ છાપાં વાંચીએ છીએ, મોબાઈલ કે કમ્પ્યુટર વાંચીએ છીએ. પુસ્તક તો ફક્ત જોઈ જઈએ! એને પૂરેપૂરું વાંચવાનો વખત જ નથી ફાળવી શકતા. જયારે આજની આ ડિજિટલ ટેકનોલોજી એક તરફ આપણા આર્ષ ગ્રંથોને અમર બનાવવાની ક્ષમતા ધરાવતી થઈ છે. ત્યારે આપણે પુસ્તકથી દૂર, બહુ જ દૂર જઈ રહ્યા છીએ. પુસ્તકોની ઈલેક્ટ્રોનિક આવૃત્તિઓ બહાર પડે છે અને 'ઑન લાઈન' વેચાય તથા વંચાય પણ છે. પરંતુ પેલું સાચું ઓરિજિનલ પુસ્તક એના વાચક માટે તલસે છે. પ્રકાશકો પુસ્તકોની બહુ જ ઓછી નકલો છાપે છે, સરકાર પાસે મોટી ખરીદીની અપેક્ષા રાખે છે અને લેખકોને ઓછામાં ઓછી રોયલ્ટી આપવાની માનસિકતા ધરાવે છે. આ બધુ આટલી ભવ્ય ટેકનોલોજિકલ અને ઈલેક્ટ્રોનિક ક્રાંતિનું પરિણામ છે. હવે ઊંઘતા પહેલાં પુસ્તક વાંચવાનું વ્યસન ધરાવતા વાચકો મળવા મુશ્કેલ છે. એ જ રીતે ગણ્યાગાંઠ્યા ચબરાકિયા કોલમિસ્ટો સિવાય પ્રજા સત્ત્વશીલ સર્જકોનાં તો નામ સુધ્ધાં જાણતા નથી. આવી વિષય અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ પુસ્તક એના અસ્તિત્વની લડાઈ પૂરી તાકાત સાથે લડી રહ્યું છે. દરેક ભાષામાં દરેક વર્ષે કંઈ ને કંઈ યાદગાર કહી શકાય એવું લખાઈ રહ્યું છે. એને વાંચનારની ખોજ અને ખોટ જરૂર સાલે છે. વિશ્વપુસ્તક દિવસે આપણે આપણી જ ભાષાના ગૌરવગ્રંથોનું પુણ્યસ્મરણ કરીએ તો એક કરવા જેવું કામ કર્યું ગણાશે. 'સરસ્વતીચંદ્ર' બીજી કોઈ ભાષામાં મળે ખરો? વિશ્વમાં પહેલી પાંચેક ગાથાઓ - અંગ્રેજીમાં જેને 'એપિક નૉવેલ' અથવા 'સાગા' કહે છે તેવા ગ્રંથો લડાઈ પૂરી તાકાત સાથે લડી રહ્યું છે. દરેક ભાષામાં દરેક વર્ષે કંઈ ને કંઈ યાદગાર કહી શકાય એવું લખાઈ રહ્યું છે એને વારંવારની ખોજ અને ખોટ જરૂર સાલે છે. વિશ્વપુસ્તક દિવસે આપણે આપણી જ ભાષાના ગૌરવ ગ્રંથોનું પુણ્યસ્મરણ કરીએ તો એક કરવા જેવું કામ કર્યું ગણાશે. 'સરસ્વતીચંદ્ર' બીજી કોઈ ભાષામાં મળે ખરો? વિશ્વમાં પહેલી પાંચેક ગાથાઓ - અંગ્રેજીમાં જેને 'એપિક નૉવેલ' અથવા 'સાગા' કહે છે તેવા ગ્રંથો રચાયા એમાં આપણો 'સરસ્વતીચંદ્ર' બિરાજતો હતો. ગુજરાતી ભાષા વિશ્વની કોઈ પણ સમૃદ્ધ ભાષાની પંગતમાં પાટલો માંડી શકે એવી ભવ્ય ભાષા છે. ખાટલે ખોડ હોય તો એટલી કે આપણે આપણા પોતરાં કે દોહિતરાંને ગુજરાતી બારાખડી શીખવવાનું જરૂરી નથી લેખતાં - એમને બારોબાર 'એબીસીડી'ની ચૂસણી પર ચડાવી દઈએ છીએ. માતૃભાષા અને પુસ્તકનો કોઈ જ વિકલ્પ નથી એ સત્ય આપણે કયારે સમજીશું?

# વન્યજીવ બચાવ – સારવાર અભાવ



**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર

પ્રાણીઓને આપણે બે ભાગમાં વહેંચી શકીએ જેમાં પાલતું અને જંગલી (વન્ય) એમ બે ભાગ પાડી શકીએ. પાલતું પ્રાણીઓ જેવા કે ગાય, ભેંસ, ઘેટાં, બકરાં વગેરેને મુકી શકીએ આવા જીવો માટે તેના બચાવ કે સારવાર માટે મુખ્યત્વે તેના માલિક ચિંતિત હોય. પાલતું પ્રાણીના માલિક પોતાનું પ્રાણી આર્થિક રીતે ઉપયોગી હોઈ તેની સારવાર માટે ચિંતત હોય તે સ્વાભાવિક છે.



આવા પાલતું પ્રાણીઓ માટેના અનુભવી શિક્ષિત વેટરનરી ડૉકટરો મળી રહે છે. આ માટેના દવાખાના જેમાં ખાનકી અને સરકારી બંનેનો સમાવેશ કરી શકાય તે મળી રહે છે. પશુપાલન વિભાગ આ માટેની તેના સંવર્ધન, સારવાર અને રખરખાવ માટેની ખથાસ સેવાઓ કરે છે. કૂતરા જેવા જીવો પણ પણ ખાસ ડૉકટરો તથા સારવારો ઉપલબ્ધ બની શકે છે ?

હવે વાત વન્યજીવોની વાત કરીએ તો તેમાં વાઘ, સિંહ, દીપડા, રીંછ જેવા હિંસક કે માંસાહારી પ્રાણીઓને મુકી શકાય. જયારે નીલ ગાય, ચિત્તલ, કાળિયાર જેવા તૃણાહારી પ્રાણીઓ ઉપરાંત વાંદરા, માંકડા, સાપ, પક્ષીઓ જેવા જીવો પણ છે. જે અંતરિયાળ, દુર્ગલ જંગલ વિસ્તારોમાં વસવાટ કરતાં હોય છે. આવા વન્યજીવોની બિચારી કે સારવાર લક્ષી સમસ્યા ધ્યાને આવતી જ નથી. જો ધ્યાનમાં આવે તો મુખ્યત્વે વનવિભાગ કર્મીઓ કે વન વિસ્તારના વનવાસીઓને ધ્યાને આવે છે. આવા પ્રાણીઓને પકડવા એન તેવા પ્રાણીઓને પશુ ચિકિત્સક સુધી લઈ જવા ખુબ જ અઘરી બાબત બની જાય છે. આ પૈકી મોટા ભાગના પ્રાણીઓને એનેસ્થેસીયા આપી બેહોશ કર્યા બાદ લઈ જવાની જરૂર ઊભી થાય છે. તેવા સમયે વેટરનરી ડોકટરની ઉપસ્થિતિમાં તેમની સલાહ - માર્ગદર્શન મુજબ ખાસ ગનની મદદથી યોગ્યમાત્રામાં એનેસ્થેસીયા આપવી પડે છે. આ કાર્યમાં સફળતા મળે બાદ બીજી મોટી સમસ્યાઓ ઊભી થાય છે કે વન્યજીવ સ્પેશિયાલીસ્ટ કે જાણકાર હોય તેવા ડૉકટર મળવા શક્ય નથી. કેટલાક ડૉકટરો દ્વારા અનુભવ આધારે મોટાભાગે પ્રયોગાત્મક રીતે સારવાર કરાય છે. દવા પ્રાણીને નિયમિત રીતે સમયાંતરે તેને ઈન્જેકશન દ્વારા કે ટીકડી ટેબલેટ્સ આપવી પણ મુશ્કેલ બને છે.

વન્યજીવ સારવાર દરમિયાન તેને કસ્ટડીમાં રાખવું અને તેને યોગ્ય ખોરાક આપવો પણ એક મોટી સમસ્યા હોય છે. બધી જ બાબતોમાં સફળતા મળે તો તે પ્રાણીને ફરીથી જે તે વન્યવિસ્તારમાં મુક્ત કરવું પણ ખુબ જ કુશળતાભર્યું કાર્ય બને છે.

આજે રાજયમાં દેશમાં વન્યજીવોને સારવાર આપવા માટેના રેસ્કયુ સેન્ટરો (બચાવ કેન્દ્રો) પુરતાં પ્રમાણમાં નથી. આ ક્ષેત્રના અનુભવી વેટરનરી ડૉકટરો નથી. કોઈ પ્રાણી કે પક્ષી ઈજા પામેલ, બિમાર કે અન્ય પ્રાકૃતિક આપદામાં ફસાઈ જાય ત્યારે તેમનો બચાવ યોગ્ય રીતે ન થઈ શકતો હોઈ આપણે મહત્ત્વના અને વિરલ વન્યજીવોને પ્રતિવર્ષ મોટી માત્રામાં ગુમાવી રહ્યા છીએ. વ્યક્તિગત રીતે જાગૃત લોકો, સંસ્થાઓ અને સરકાર કક્ષાએ છૂટા - છવાયા પ્રયત્નો ચાલી રહ્યા છે પરંતુ તે પૂરતાં નથી અને આજની તારીખે તેની તાતી જરૂરિયાત છે.

# હે પ્રિયે નિયતિ, હું તારા નિર્ણયનું સ્વાગત કરવા તૈયાર છું



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

હે પ્રિયે નિયતિ,

હું સમજણો થયો ત્યારથી તારો મારી સાથે નાતો રહ્યો છે. એ માટે સૌથી પહેલા હું તારો ખરા હદયથી આભાર માનું છું. તે મારો પહેલેથી જ સાથ નિભાવ્યો છે. તું હંમેશાં મારી સાથે હોવાની પ્રતિતી મને કરાવતી રહી છે. તારી અનુભૂતિ હું પણ એટલી જ સત્યતાથી અનુભવું છું.

હું જાણું છું પ્રિયે કે હું જેવો સમજણો થયો અને મેં સ્વપ્નો જોવાના શરુ કર્યા અને એ સ્વપ્નો પૂરા કરવા માટેનો પરિશ્રમયજ્ઞ આરંભ્યો કે તું મારા પ્રેમમાં પડી ગઈ છે. બસ ત્યારથી આજસુધી તારી લાગણી, પ્રેમ મારી માટે અવિરત વહ્યા કરે છે. એ હું જાણું છું. પણ ડિયર નિયતિ, તું સંસારના બધા જ મનુષ્યોના જીવન સાથે જોડાયેલી છું તો મારી પ્રત્યે આટલો વિશેષ અનુરાગ કેમ ? વળી તું કોઈ માનવીના પ્રેમમાં હો એ પણ અસંભવ લાગતી બાબત છે. હું તને એમ નહી કહું કે તું મને પ્રેમ ના કર કે તારામાંથી મને મૂક્ત કર. તું પ્રેમ કરે એ તો ગમે જ. તારો પ્રેમ પામવો એટલે દૈવત્વ પામવા જેવી ધન્યતા છે. પણ હે પ્રિયે... તારી મારા પ્રત્યેની ચાહતથી મારી બનાવેલી દુનિયા વિંખાઈ ગઈ છે. એમાં મેં ખિલવેલા પ્રેમના પૂષ્પો કરમાઈ રહ્યા છે. ઠીક છે તું મારા મોટા મોટા સપનાઓ જોઈને મારી તરફ આકર્ષિત થઈ હોય અને એ મારા સપનાઓ પરિપૂર્ણ કરવા તું મારા પ્રેમમાં પડી સતત મારું ધ્યાન રાખી રહી હોય એ હું જાણું છું. પણ મારા એ સપનાઓ એ સમયના હતા. એ મારી બનાવેલી દુનિયામાં હતો ત્યારે જોયેલા હતા. એ વખતની અને અત્યારની પરિસ્થિતિમાં ફેર છે. અને અનુભવે માણસને સમજાય એમ મારી બનાવેલી દુનિયામાંથી તે મને બહાર કાઢીને તારી બનાવેલી દુનિયામાં નાખ્યો ત્યારે સમજાયું – ત્યારે અનુભવાયું કે મોટા સપના પુરા કરવા માટે આવું આવું બધુ કરવું પડતું હોય છે. .

હે પ્રિયે નિયતિ... તારી બનાવેલી દુનિયામાં હું દુ:ખી જરાય નથી. પણ કેટલીક પીડાના પાઠ ખુબ જ અઘરા છે. એના પ્રશ્નોના જવાબ દુનિયાના કોઈ અભ્યાસક્રમમાં નથી. દુનિયાની કોઈ વ્યક્તિ કે કોઈ ધર્મ પાસે નથી. તો પછી હું કેવી રીતે એ જવાબો શોધું ? હું ક્યા જાઉં એના જવાબો શોધવા? તો પછી તારે મને મારું ધ્યેય – મારા સપનાઓ બદલવાની એક તક આપવી જોઈએ ડિયર. કેમ કે હવે હું નથી ઈચ્છતો કે મારા મોટા સ્વપ્નોને કારણે કોઈનું જીવન બગડે, મારી સાથે દિલથી જોડાયેલા મારા સ્નેહીઓ, મારા રક્ત સંબંધીઓને મારા થકી દુ:ખી થવું પડે એવું હું નથી ઈચ્છતો. તું નિષ્ઠુર થઈ શકે છે હું નહીં. તો પછી હવે તારે જ આનો કોઈ રસ્તો કાઢવો પડશે ને ? અત્યારની પરિસ્થિતિનું નિર્માણ તે કર્યું છે. મેં નહી. મેં તો માત્ર સચ્ચાઈથી સપના જોયા હતા. પણ મારે એને મારી બનાવેલી દુનિયામાં જ પુરા કરવા હતા. તારી બનાવેલી દુનિયામાં નહી. પણ તે તો મને વગર પૂછયે મારી દુનિયામાંથી તારી દુનિયામાં મૂકી દીધો. અને એ પણ અનેકની નિયતિના ભોગે. આની અસર અનેક વર્ષો સુધી રહે એવું નથી ઈચ્છતો. હું તારો સ્વભાવ જાણું છું. તું એક વખત જે નિર્ધાર કરી લે છે પછી એમાં કોઈ બદલાવ નથી કરતી. પણ હે માય ડિયર નિયતિ... થોડું તો વિચાર... ! આટલી મોટી પ્રકૃતિ પણ દર ચાર મહિને પોતાનો સ્વભાવ બદલે છે. તો તું કેમ નથી બદલતી ? આપણે કોઈએને એટલા જનૂનપૂર્વક ના ચાહવું જોઈએ કે સામેની વ્યક્તિનો શ્વાસ જ ગૂંગળાઈ જાય. મારા પ્રત્યેની તારી ચાહત કૈંક એવી છે. હું જાણું છું કે એક સમયે મેં જ તને પડકાર ફેંક્યો હતો. અને તે એ ઝિલી લીધો સારી વાત છે. કહે છે ને કે " તમે કોઈને સાચા દિલથી ચાહો તો પ્રકૃતિ પણ એને મિલાવવા લાગી જાય છે. હું જાણું છું આ પ્રકૃતિ એટલે તું જ.... એ તારું જ રૂપ છે. પ્રશ્ન એટલો છે કે તું મારી બાબતે બદલાવા તૈયાર નથી. જો કે હું લડી તો લેવાનો જ છું. તારી બનાવેલી દુનિયામાં ય હું મારો રસ્તો શોધી જ લઈશ. પણ અત્યારે હજી સમય છે. કેમ કે મારી બનાવેલી દુનિયા હજી સંપૂર્ણ ધરાશાયી નથી થઈ. નાળના સંબંધ જેવો એક તંતુ હજી મેં નથી તોડ્યો. જીવંત રાખ્યો છે.

હે પ્રિયે.... હું એ પણ જાણું છું કે તું જેની સાથે હોય એ તપી તપીને સોનું બને જ છે. તું મને અત્યારે તપાવી રહી છે. સોનું બનાવી રહી છે. પણ ડિયર એકલું સોનું શુ કામનું ? એ સોનું કોઈના ગળાનું આભૂષણ બને તો એની કિંમત છે. તું મને સોનું બનાવ, પીડાની અગ્નિમાં તપાવ, અનેક પ્રકારના સંઘર્ષના સૂર્યો મારી સામે રાખ. એનો મને વાંધો નથી. પણ મારી દુનિયામાં. હું જાણું છું મારી બનાવેલી દુનિયામાં તે નકારાત્મકતા ભરી દીધી છે. એને સકારાત્મક બનાવવા હું છેલ્લા છ વર્ષથી મથું છું. તો હવે ત્યાંથી તારો પ્રભાવ થોડો ઓછો કર તો કદાચ કંઈક વાત બને. ત્યા સકારાત્મકતાની ખુબ જ જરૂર છે પણ તું ત્યા મારી સાથે રમત રમી રહી હોય એવું મને લાગે છે. પોતાના સાથે આટલી રમત કેમ ડિયર ? હું જાણું છું કે ઈશ્વરે મને જે ભાગ્ય લઈને મોકલ્યો છે એ તારે પુરું કરવાનું છે. એ તારું કર્તવ્ય છે. પણ ઈશ્વર તો ભાગ્ય લખે. એને ભાગ્ય લખવા સિવાય બીજું શું કામ છે. ? વળી એણે જે સમયે મારું ભાગ્ય લખ્યું હોય ત્યારે સમય જુદો હતો ને આજે સમય જુદો છે. એટલું તો તું સમજ ? અને એવું હોય તો તું ઈશ્વરની પરમિશન લઈ લે બસ, એ ના નહીં પાડે. એણે મારી ઘણી વાત માની છે. પ્લીઝ નિયતિ, આનો કંઈક રસ્તો કાઢ.

હે નિયતિ, એટલો તારો આભાર ચોક્કસ કે જે ઘટના તું બે મહિના પહેલા લઈને આવેલી તે ઘટના હાલ તે બે મહિના દૂર જવા દીધી છે. શક્ય છે કે તું પણ કંઈક વિચારતી હોય કે વિચાર કરવા ઈચ્છતી હોય. સારી વાત છે. તું પણ વિચારે છે એ જાણી મને ગમ્યું. થોડી રાહત પણ થઈ છે. અને મેં મારો એક વધુ પ્રયત્ન પણ કરી નાખ્યો છે. હવે ભૂમિકા તારી છે સકારાત્મકતાની ને નકારાત્મકતાની.

હે પ્રિયે, ... તું ખરેખર ખુબ ચાલાક છે. તું મને માનવસહજ લાલચો પણ આપે છે અને મહાનતાના, ત્યાગ કરવાના, સમર્પણ કરવાના પાઠ પણ યાદ કરાવે છે. તું મને મહાનતાની ચરમસીમાએ લઈ જવા હવે ગર્તાની ઊંડી ખાઈમાં ધકેલી રહી છે. અથવા વૈભવની વિરાટતામાં વાળી રહી છે. એવું મને લાગે છે. અને તું જાણે છે કે તારી મારા પ્રત્યેની ચાહતને કારણે મને પણ મારા ભાવિના દશ્યો અગાઉથી દેખાય છે. આવનાર સમયમાં ઘટનાર દશ્યો મને તો દેખાઈ રહ્યા છે. બાહ્ય રીતે ખુબ જ ઝાકઝમાળ વાળા છે પણ મારી આંતરિકતાનું શું. ? મારી માનસિકતાનું શું ? મારી સામાજિકતા – પારિવારિકતાનું શું ? એ તું કેમ નથી વિચારતી ? જો કે તારે તો વિચાર જ ક્યા કરવાનો હોય છે. તારે તો નિયત કરેલા ધ્યેય સુધી પહોંચાડવા માટે જાત જાતની પીડા – પરિસ્થિતિનું સર્જન કરવાનું હોય છે. જે તું કરી રહી છે.

હે પ્રિયે નિયતિ.... મને એટલી તો ચોક્કસ ખબર છે કે તું મારી વાત માનીશ તો ય મારી માટે સારું છે અને મારી વાત નહીં માને તો પણ સારું છે. પણ ડિયર તું પણ મને સમજવાનો પ્રયાસ કરજે. કેટલાક તંતુઓ એવા હોય છે કે અમે માનવીઓ તોડી શકતા નથી. તું નિયતિ છું એટલે તને એ નહીં સમજાય. હું ઈચ્છું કે ઈશ્વર તને સમજવાની શક્તિ આપે. તેં એક સૌથી મોટી ભૂલ એ કરી કે તે મારા એ તંતુઓ ના તોડ્યા. જો એ તંતુઓ

અનુસંધાન પાના નં. ૭ પર

# આજનો સંકલ્પ : વાંચો, વંચાવો અને વાંચનને વહેચો...!!!



**રજ્જળપાટ**

અજય ઉપાધ્યાય

હમણાં જ ૧લી મેં થી અમદાવાદના આંગણે પુસ્તકમેળો શરુ થશે. આ લખનાર એનો નિયમીત મુલાકાતી છે અને મૂળે પત્રકારજીવ હોવાથી ખરેખર આવા પુસ્તકમેળાઓ કેટલા લાભદાયી છે એનું સત્તત નિરીક્ષણ અને સર્વેક્ષણ કરતા રહેવાની ટેવ છે. મોટાભાગે 'લખપતિ કેમ બનશો ?' થી લઈને 'સાચું સુખ શેમાં છે ? ' ટાઈપના પુસ્તકો વેચતા અને અથવા તો ૧૦૦ માં ૩ લેખે વેચાતી અંગ્રેજી કે હિન્દી છીછરી નવલકથાઓ વેચનારા સ્ટોલવાળા મેળો પત્યા સુધીમાં ભાડું કાઢી લેતા હોવાનું નોંધ્યું છે અને અનેકો પુસ્તકવિક્રેતા દોસ્તો પાસેથી સાંભળેલું પણ છે. એવું નથી કે ખરેખર પુસ્તક કહી શકાય એવી બુકસનું વેચાણ કરતા સ્ટોલ પર ભીડ નથી હોતી, હોય છે ને પણ એમાંથી ખરેખર કેટલા લોકો સારા – વાંચવા યોગ્ય – વહેચવા યોગ્ય અને વસાવવા યોગ્ય પુસ્તકો ખરીદતા હોય છે એ તો સ્ટોલવાળા ને એક ને જ ખબર હોય છે...!!! આજે ૨૩ એપ્રિલે 'વિશ્વ પુસ્તક દિવસ 'છે ત્યારે પુસ્તકો પ્રત્યે આપણે કેટલા પ્રેમાળ અને ગંભીર છીએ એનો જવાબ આગળ લખ્યો એ વાતમાં મહદઅંશે આવી જાય છે. જી હા, દોસ્ત કડવું ભલે લાગે પણ આ જ સત્ય છે....!!! આપણે વોટ્સઅપ અને ફેસબુક વાંચતા થયા ત્યારથી પુસ્તકોના વાંચન સાથે ટ્રીપલ તલ્લાક લઈ લીધા હોય એવું છે. ભલે બધાએ નહિ લીધા હોય પણ શોશિયલ મીડિયાનું વાંચન અસલી વાંચનને થોડાઘણા અંશે ભરખી રહ્યું છે એ સ્વીકાર્ય હકીકત તો છે જ...!!!

'પુસ્તકો આપણા શ્રેષ્ઠ મિત્રો છે' જેવી સુફિયાણી અને શિષ્ઠ વાતો કરતા આપણે ખરેખર પુસ્તક વાંચન અને પુસ્તક પ્રચારમાં હજુ એટલા શ્રેષ્ઠ નથી જ એ પણ હકીકત છે. હજુ પણ પુસ્તકમેળાઓમાં આપણા પગ રસોઈ – બાળ સાહિત્ય – નવલકથાઓ સુધી જ પહોચ્યા છે. સારા અને વસાવી કે વાંચવા જોઈએ એવા પુસ્તકો માટે રૂપિયા ખર્ચવા હાથ ખિસ્સામાં ઓછો જાય છે. પુસ્તક વાંચવું, વાંચીને કોઈની સાથે એને વહેચવું અને પુસ્તકને કોઈને સપ્રેમ ભેટ આપવું એની પણ એક અલગ જ મજા છે, સંતુષ્ટિ છે...! મલ્ટીપ્લેકસની એક ટીકીટ કે રેસ્ટોરન્ટના એક બીલ જેટલી કિમતમાં જ પુસ્તકો પણ મળે જ છે, પણ...! જો કે આ બધા જ્ઞાની કાર્ય કરતા પહેલા તો પુસ્તક વાંચવાની ટેવ હોવી અનિવાર્ય છે અને એમાં પણ ખરેખર કયું પુસ્તક 'વાંચી' શકાય એવું છે કે કયું પુસ્તક 'વાંચવું જ' જોઈએ એનું એક પુસ્તક કંઠસ્થ કરવું પડે...! ઓસ્કાર વાઈલ્ડે કહેલું કે 'સારું અને ખરાબ એવું કોઈ પુસ્તક નથી હોતું, એ તો ક્યા તો સારી રીતે લખાયેલું હોય છે અથવા તો ખરાબ રીતે' ફ્રાન્સીસ બેકને પણ કૈક આવું જ પણ જરા અલગ રીતે કહેલું કે 'કેટલાક પુસ્તકો માત્ર ટેસ્ટ (ચાખવા) માટે હોય છે, કેટલાક પુસ્તકો સીધા ગળી જવા માટે હોય છે, અને કેટલાક પુસ્તકો ચાવીને પચાવવા જેવા હોય છે.'

આ લખનારને બરાબર યાદ છે અને વાંચકોમાંથી પણ ઘણાને યાદ હશે કે પહેલા તો પ્રાથમિકથી જ શાળામાં અમુક સમયે કોઈ સારા પુસ્તકને વિદ્યાર્થીઓમાં વાંચવા માટે અપાતું અથવા તો અઠવાડિયે એક તાસ એવો જ રહેતો કે જેમાં વર્ગમાં કોઈ એક સારા પુસ્તકના વિવિધ ભાગોનું પઠન વિદ્યાર્થીઓ દ્વારા થતું. આજે તો વિદ્યાર્થી જ પોતાની મેળે મોબાઈલમાં વાંચી લે છે (શું અને કેવું એ તપાસનો વિષય છે!) પણ બાળપણથી જ વાંચનની ટેવ પાડવા માટે શાળાઓ જ શ્રેષ્ઠ કામ કરી શકે. એસ્થર ડેવિડે એક સચોટ વાક્ય કહેલું કે 'આપણે લખતા તો શીખવાડીયે છીએ પણ વાંચતા નહિ " વાત પણ સાચી છે ને ? પણ વાંચતા કેમ શીખવાડાય ? થોડા સમય પહેલા નરેન્દ્ર મોદીએ 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવેલું. વાંચવા માટે પ્રોત્સાહિત કરવા પણ અભિયાન ચલાવવું પડે એ જ વાંચન અને પુસ્તકોની કમનસીબી કહેવાય જો કે સરકારી પ્રયત્ન અને ઈરાદો સારો જ હતો.

જો કે સાવ એવું પણ નથી કે આપણે વાંચતા જ નથી, ના ભાઈ ના...! શેરબજારના ચોપાનીયા અને આદિકાળની નોવેલો વાંચતો ગુજરાતી વૈશ્વિક સાહિત્ય પણ વાંચતો થતો જાય છે એ પાછલા થોડા વર્ષોમાં આવેલો નવો ટ્રેન્ડ તો છે જ અને બીજું કે શોશિયલ સાઈટ્સ પર ઈ-બુક્સ પર વધતી જતી હિટ્સ એક સુખદ સંકેત છે કે વી આર રીયલી રીડીંગ પણ હજુયે પુસ્તક લઈને વાંચવું એવો ટ્રેન્ડ આવતા વાર લાગશે એવું લાગે છે. જો કે ઓપોઝીશન એવી દલીલો પણ કરી શકે છે કે 'ભાઈ તમારે વાંચે એનું કામ છે કે પુસ્તકો પણ ખરીદે એનું કામ ?'વાત સાચી પણ છે જ કે વાંચન વધવું જોઈએ પછી એ ઓનલાઈન હોય કે ઓફલાઈન...! પણ હકીકત એ છે કે પુસ્તકના લીસા પાનાં પર ફરતી આંગળીઓ જેવી મજા સ્ક્રીન પર કર્સર ફેરવવામાં તો ના જ આવે...! ઈવન ધો ઓનલાઈન તો ઓનલાઈન પણ વાંચન થતું રહે એ મહત્વનું છે કેમકે જેમ માર્ક ટ્વેઈને કહેલું છે એમ, ' જેઓ વાંચતા નથી તેવા લોકો, જેઓ વાંચી નથી શકતાં તેવા લોકો કરતાં જરા પણ ચડિયાતા નથી.'

માર્કભાઈની જ વાતને આગળ વધારીએ તો જેને વાંચન નો શોખ છે અને જે સાવ વાંચતો નથી એ બે વ્યક્તિની ક્યારેક સરખામણી કરી લેજો, ખબર પડી જશે વાંચનનું મહત્વ શું છે એ...! વોટ્સઅપના ફોરવડીયા મેસેજો વાંચવા કે ફેસ્બુકની કોપી-પેસ્ટ વોલપોસ્ટો વાંચવી અને અને એક સારું પુસ્તક વાંચવું એ બંનેમાં હાથી-ઘોડાનો ફેર છે..! જી હા અને એમાયે કોઈ સારા પુસ્તકને એકી બેઠકે વાંચી કાઢવાની મજા તો અદ્ભુત છે. મિલ્ટન કહ્યું છે, "પુસ્તકોમાં આત્માનું જીવન છે, કેમ કે, એમાં જીવનનો વિચાર સાર રહેલો છે." પુસ્તકોને સજીવ ગણતા એટલે જ મિલ્ટને એમ પણ કહ્યું છે, "પુસ્તકોમાં આત્મા હોય છે. સંદગ્રંથોને કદી નાશ થતો નથી." સિસરોએ કહ્યું છે, "ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે." એટલે કે ઉત્તમ પુસ્તકોને અભાવે મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે. જ્ઞાન વગરનું જીવન મડદા જેવું નકામું હોય છે. લોકમાન્ય તિલક કહી ચુક્યા છે કે "હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ, કેમ કે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ ખડું થશે." તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું માનવું હતું કે "સારાં પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રની ગરજ સારે છે."

અનુસંધાન પાના નં. ૭ પર